# SHREE VASISHTHA VIDHYALAYA
## Gujarati 2nd Language Worksheet 2025-26

Name : - ____________ Std.:- V - ________
Roll No. :- ________ Worksheet No.CA-6 Date : - ________

**પાઠ -૧૨ દાનવીર કર્ણ, કાવ્ય -૧૩ બાળપણ, જોડણી**

**અપઠિત ગદ્યાંશ**

પુસ્તકો એ જ્ઞાનનો ભંડાર છે. વાંચવાથી આપણું જ્ઞાન વધે છે અને આપણી વિચારશક્તિ તેજ બને છે. પુસ્તકો આપણને નવી દુનિયા અને નવી સંસ્કૃતિઓથી પરિચિત કરાવે છે. વાંચન આપણને સારી ભાષા અને શબ્દભંડોળ શીખવે છે, જે સંચાર કૌશલ્યો સુધારવામાં મદદ કરે છે. નિયમિત પુસ્તકો વાંચવાથી તણાવ ઓછો થાય છે અને માનસિક શાંતિ મળે છે. નાના બાળકો માટે વાર્તાના પુસ્તકો ખૂબ જ ફાયદાકારક છે, કારણ કે તે તેમની કલ્પનાશક્તિને ઉત્તેજન આપે છે. પુસ્તકો આપણને પ્રેરણા આપે છે અને જીવનના પડકારોનો સામનો કરવાની શક્તિ આપે છે. પુસ્તકાલયો જ્ઞાન મેળવવા અને સમયનો સદુપયોગ કરવા માટે ઉત્તમ સ્થળો છે. તેથી, આપણે બધાએ પુસ્તકો વાંચવાની આદત કેળવવી જોઈએ અને તેના ફાયદાઓનો લાભ લેવો જોઈએ.

**પ્રશ્ન - ૧) ઉપરના ગદ્યાંશના આધારે પ્રશ્નોના જવાબ લખો.**

**(ક) પ્રશ્નોનાં જવાબ લખો.**

૧) નિયમિત પુસ્તકો વાંચવાથી શું થાય છે?

નિયમિત પુસ્તકો વાંચવાથી તણાવ ઓછો થાય છે અને માનસિક શાંતિ મળે છે.

૨) વાર્તાના પુસ્તકો કોના માટે ખૂબ ફાયદાકારક છે?

વાર્તાના પુસ્તકો નાના બાળકો માટે ખૂબ ફાયદાકારક છે.

**(ખ) ખાલી જગ્યા પૂરો.**

(૧) પુસ્તકો એ જ્ઞાનનો ભંડાર છે.

(૨) પુસ્તકાલયો જ્ઞાન મેળવવા અને સમયનો સદુપયોગ કરવા માટેના ઉત્તમ સ્થળો છે.

**પ્રશ્ન - ૨) પાઠના આધારે ખાલી જગ્યા પૂરો.**

(૧) આધુનિક યુગે અવનવી શોધો કરતું બાળપણ.

(૨) ઇન્દ્ર અને વરુણ ભિખારી બનીને કર્ણ પાસે ગયા.

(૩) અંતે કર્ણ પરીક્ષામાં સફળ થયો.

(૪) કર્ણ દાનવીર કર્ણ ના નામથી પ્રખ્યાત હતો.

(૫) કર્ણનો દાંત સોના નો હતો.

**પ્રશ્ન - 3) પાઠના આધારે નીચેનાં પ્રશ્નોનાં જવાબ લખો.**

(૧) કવિયત્રી નીલમ ત્રિવેદીએ ક્યુ કાવ્ય લખ્યું છે?

કવિયત્રી નીલમ ત્રિવેદીએ 'બાળપણ' કાવ્ય લખ્યું છે.

(૨) મહાભારતનું યુદ્ધ કયા મેદાનમાં થયું હતું?

મહાભારતનું યુદ્ધ કુરુક્ષેત્રના મેદાનમાં થયું હતું.

Scanned with OKEN Scanner

(3) કર્ણની પરીક્ષા લેવા કોણ જાય છે?

કર્ણની પરીક્ષા લેવા ઈન્દ્રદેવ જાય છે.

(૪) કોણ હંમેશા એકબીજાનું ખરાબ દેખાડે છે?

સૂર્યદેવ અને વરુણદેવ હંમેશા એકબીજાનું ખરાબ દેખાડે છે.

(૫) 'દેવતાઓ પણ તારી સ્તુતિ કરશે' કર્ણને આવા આશીર્વાદ કોણે આપ્યા?

"દેવતાઓ પણ તારી સ્તુતિ કરશે." કર્ણને આવા આશીર્વાદ ઈન્દ્રદેવે આપ્યા.

(૬) ઇન્દ્ર કર્ણની પરીક્ષા લેવા પોતાની સાથે કોને લઈ જાય છે?

ઈન્દ્ર કર્ણની પરીક્ષા લેવા પોતાની સાથે વરુણદેવને લઈ જાય છે.

**પ્રશ્ન - ૪) નીચે આપેલા વાક્યોમાંથી સાચા વાક્યની સામે ( ✓) અને ખોટા વાક્યોની સામે (×) કરો.**

(૧) મામા ઘેર મજા માણતું મારું બાળપણ. [ ✓ ]

(૨) કર્ણ યુદ્ધભૂમિમાં ઘાયલ અવસ્થામાં બેભાન જેવો પડ્યો હતો. [ ✓ ]

(3) બાળકનું મન સફેદ ચોખ્ખા આરસને નિહાળી સ્થિર થયું છે. [ ✓ ]

(૪) કર્ણ ઈન્દ્રદેવનો પુત્ર હતો. [ X ]

**પ્રશ્ન - ૫) નીચેના શબ્દોની જોડણી સુધારો.**

(૧) વરૂણ - વરુણ

(૨) ઈરષા - ઈર્ષ્યા

(3) કુરૂક્ષેત્ર - કુરુક્ષેત્ર

(૪) પાથના- પ્રાર્થના

(૫) સૈનીક- સૈનિક

(૬) સ્તુતી- સ્તુતિ

(૭) યસસ્વી- યશસ્વી

(૮) પ્રુથ્વી- પૃથ્વી

(૯) ટેલિવીઝન- ટેલિવિઝન

(૧૦) સુવાશ- સુવાસ

**પ્રશ્ન - ૬) નીચેના વાક્યમાંથી ક્રિયાવિશેષણ શોધીને લખો.**

(૧) શિક્ષકે આસપાસ જોયું. આસપાસ

(૨) ભાવેશ માંડ માંડ પાસ થયો. માંડ માંડ

(3) ચિંતન ઘણું દોડ્યો. ઘણું

(૪) સસલું ઝડપથી દોડે છે. ઝડપથી

(૫) સાગર પહેલા આવ્યો. પહેલા

Scanned with OKEN Scanner